**- ડૉ. રીટા ગાંધી**

ફગવા ઉત્સવ દર વર્ષે બાલાસિનોરમાં થતો હોય છે. રંગે ચંગે લોકો આનંદ વિભોર સાથે લાલા સાથે રંગોનાં ફાગ બગીચે ખેલે છે. કીર્તનીયા પછી - લાયન્સ ક્લબનાં હોલમાં પ્રખ્યાત વ્યક્તિનાં વ્યક્તવ્ય રખાતા હોય છે. જેમ કે જય વસાવડા, કાજલ ઓઝા વગેરે. છેલ્લા બે વર્ષ લોકડાઉનનાં હિસાબે કોઈ કાર્યક્રમ નથી રખાયા. આ વર્ષે પણ એવો કોઈ કાર્યક્રમ ન હતો. પણ,

તા. ૧૨-૩-૨૦૨૨ના રોજ નવાબનાં મહેલમાં સાંજે ૫ થી ૭.૩૦ સુધી એક અનોખી યોગની શિબિર યોજવામાં આવી હતી.

નવાબનાં મહેલમાં યોગ શિબિર? જ્યાં પાર્ટીઓ અને મહેફીલ યોજાતી હોય ત્યાં !

આપણાં બાલાસિનોરના ઈતિહાસમાં તેમજ બાબી મહેલના ઈતિહાસમાં પ્રથમ વખત આવો જ્ઞાનનો કાર્યક્રમ યોજાયો હતો.

વાત્સલ્ય યોગ દર્શન એકેડમી સંસ્થાના પ્રણેતા બંકિમ પરીખ આપણા જ્યોતિપુંજના તંત્રી પણ છે. એમના નેજા હેઠળ યોગા Class નાં વિદ્યાર્થીઓ તથા આમંત્રિત મહેમાનો સાથે બહુ જ સુંદર સહજ અને સફળ કાર્યક્રમ થયો.

પાર્ટીઓ ઘણી યોજાઈ છે પણ આવો જ્ઞાનનો કાર્યક્રમ પ્રથમ વખત થયો છે અને જ્યારે પણ આવો કાર્યક્રમ કરવો હોય શિબિર યોજવી હોય તો આ મહેલનાં હોલ હંમેશા ખુલ્લાં છે, આવો સુંદર સહકાર બાબી મહેલના નવાબ સરકારે આપ્યાં છે અને હું પણ તમારી સાથે યોગાના વર્ગોમાં જોડાવા માંગુ છું.

સોનામાં સુંગધ ભળે એમ એમણે સર્વે સગવડો કરી આપી હતી. એમનાં મહેલમાં ફેરવીને બધુ બતાવ્યું હતું. ખરેખર આવા જ્ઞાન સાથે આવા કાર્યક્રમો કરવા જોઈએ.

અને છેલ્લે

યોગ એટલે માઈન્ડ, બોડી અને સોલનો સમન્વય. તંદુરસ્ત રહેવું હોય, નિરોગી - સંપુર્ણ સ્વસ્થ રહેવું હોય તો યોગના આસનો કરવા જોઈએ.


|| Jay Jay Shree Gokulesh ||

**Kinjal Parikh**
8104682589
9820815584

**Chintak Parikh**
9324310473
9819286125



**ESTATE AGENT**

*Flat/Shop/Office/Gala/Shed*

**BUY - SELL - RENT**

**Other Services**

- Housing Loan
- Loan Against Property
- Mou
- Agreement
- Registration
- Notary

Maha Rera No : A51900019245

YOUR DREAM'S OUR GOAL




**શાસ્ત્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)**

**SANKALP ASTROLOGIST CONSULTANT**
**JYOTIRVID (MUMBAI)**


**જ્યોતિષ વિશારદ, કર્મકાંડ વિશારદ**
**(મૂડેતી - અમદાવાદ)**

જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત,
ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ,
શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ,
નારાયણ બલી, ડાઉઝિંગ ટેલી થેરેપી દ્વારા
વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન,
વેદોક્ત પુરાણોક્ત,
શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન
સંતોષપૂર્વક કાર્ય કરનાર
૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,
બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**
**Email : bhattgopal59@gmail.com**


# AUTHORISED DISTRIBUTOR




ABB




TEKNIC




ESSEN



socomec
Innovative Power Solutions



ELMEASURE



elmex

SCI




ABB
elmex
ESSEN
ELMEASURE
socomec
Innovative Power Solutions
SCI
TEKNIC

# R.K. Engineering Pvt. Ltd.

( Formerly known as R. K. Trading Co. )

www.rkepl.co.in

**Corporate Office:**
Gala No. 36, Bldg No.3, Mittal Industrial Estate,
Andheri Kurla Road, Andheri (East), Mumbai - 400059
Tel.: 022- 4229 0033/35/36

**Registered Office:**
B/24, Sujal Mansion, Bhangwadi,
Kalbadevi Road, Mumbai - 400002.
Tel.: 022-39567219 / 40103663

**Mobile: 98200 45111 / 98205 97149 / 9820140077**
Email: dhrutan@gmail.com | kalpesh18189@gmail.com | sasadhsa@gmail.com | sales@rkepl.co.in

# શ્રી ગિરિરાજજીનું શ્યામ સ્વરૂપ ઘનશ્યામ સ્વરૂપ

**- તુષાર મહેન્દ્રકુમાર કડકીઆ (બનડા)**

શ્રી ગિરિરાજજીની તળેટીમાં આવેલ એક પિપલનાં વૃક્ષ નીચે વૈષ્ણવો આજે એકઠા થઈ શ્રી ગુંસાઈજી પ્રભુચરણના મુખમાંથી વહી રહેલા વચનામૃતનાં પિયુષ પાન કરી રહ્યાં હતાં. શ્રી વિઠ્ઠલનાથજી પ્રભુચરણ વૈષ્ણવોને શ્રી ગિરિરાજજીના માહાત્મ્ય વિષે બતાવી રહ્યાં હતાં અને કહી રહ્યાં હતાં કે શ્રી ગિરિરાજજી, શ્રી ગિરિવર ગિરિરાજજી, શ્રી હરિવર ગિરિરાજજી, વૈષ્ણવોના વ્હાલા શ્રી ગિરિરાજજી એ પુષ્ટિમાર્ગમાં સેવ્ય પણ છે અને સેવક પણ છે..... ત્યારે ત્યાં બિરાજી રહેલા કેટલાક વૈષ્ણવોને મનમાં કોઈ પ્રશ્ન થયો અને તેમણે ગુરુચરણને પૂછ્યું કે જયરાજ શ્રી ગિરિરાજજીનો વર્ણ શ્રી શ્યામસુંદર પ્રભુ જેવો શા માટે છે? અને આપણે શ્રી ગિરિરાજજીને દુગ્ધ સ્નાન શા માટે કરાવીએ છીએ?

વૈષ્ણવોનો પ્રશ્ન સાંભળીને ગુરુચરણ શ્રી વિઠ્ઠલનાથજી મંદ મંદ હાસ્ય સાથે બોલ્યાં કે વૈષ્ણવો શ્રી ગિરિરાજજીનો વર્ણ આપણાં પ્રભુ જેવો જ છે. તેનાં ત્રણ મુખ્ય કારણ છે. પ્રથમ કારણ એ છે કે જ્યારે ભૂતલ પર શ્રી ઠાકુરજીની અદ્વૈત અને અદ્‌ભુત લીલા શરૂ થઈ તે પૂર્વે એક સમયે ગોલોકધામમાં બિરાજેલા શ્રી ઠાકોરજીના હૃદયમંડલમાંથી પોતાની પ્રિયા શ્રી રસેશ્વરી રાધિકાને માટે જે પ્રેમરસ વહ્યો તેનું ઘનીભૂત સ્વરૂપ તે શ્રી ગોવર્ધનરૂપે ઓળખાયું. શ્રી ઠાકુરજીના ઘનશ્યામ એવા શ્રી અંગમાંથી શ્રી ગિરિરાજજી પ્રગટ થયા હોઈ તેઓ મેઘશ્યામ જેવા વર્ણવાળા છે, અને આપણાં શ્રી ગિરિરાજજી શ્યામ વર્ણનાં છે તેનું બીજુ કારણ એ છે કે શ્રી ગિરિરાજજી શ્રી ઠાકુરજીનાં સદાનાં વિરહી છે. શ્રી વિઠ્ઠલનાથ પ્રભુચરણનાં મુખેથી શ્રી ગિરિરાજજી વિરહી છે તે વાત સાંભળીને સર્વે વૈષ્ણવોને ખૂબ આશ્ચર્ય થયું ત્યારે આ વાત સમજાવતાં શ્રી વિઠ્ઠલનાથજી પ્રભુચરણ કહેવા લાગ્યાં કે જ્યારે દિવસભર શ્રી ઠાકુરજી પોતાના અતિ સુકોમલ ચરણો સાથે શ્રી ગિરિરાજજીની ગોદીમાં ખેલ્યાં કરે છે પરંતુ સંધ્યા થતાં જ પ્રભુ પાછા નંદગૃહે પધારે છે ત્યારે શ્રી ગિરિરાજજી, પ્રભુએ દિવસ દરમ્યાન કરેલી તમામ વિવિધ લીલાઓનું સ્મરણ કરતાં રહે છે. આ સંધ્યાથી પ્રભાત સુધીનો સમય શ્રી ગિરિરાજજીને એક યુગ જેવો લાગે છે આથી પ્રભુની યાદમાં તેઓ વિરહી બનીને રડતાં રહે છે. આ આખી રાત્રીનાં સમયે શ્રી ગિરિરાજજી પોતાના પ્રાણપ્રિયના મિલન માટે અધીરા થતાં રહે છે અને પોતાના હૃદય કેરા યજ્ઞકુંડમાં પ્રભુ શ્યામ સુંદર માટે સતત તાપ ધરી રાખે છે. આ રીતે તેઓ સતત વિરહની અગ્નિમાં જલી રહ્યાં હોવાથી તેઓનો વર્ણ કાળો બની ગયો છે. વૈષ્ણવો જેમ જે મનુષ્યનું તન અતિ તૃપ્ત હોઈ તેને શીતળતાની જરૂર પડે છે તેમ શ્રી ગિરિરાજજીનું પણ છે, તેમના પ્રભુ વિરહમાં તૃપ્ત થયેલા શ્રી અંગને શીતળતા પ્રદાન કરાવવા માટે આપણે તેમને દુગ્ધ સ્નાન કરાવીએ છીએ. વળી વૈષ્ણવો એ પણ છે કે જેમ જીવમાં વિરહની સાચી ભાવના આવતી જાય તેમ તેમ જીવ વધુ ને વધુ દૈન્ય બનતો જાય છે... આથી જ વૈષ્ણવો આપણે સૌએ શ્રી ગિરિરાજજી પાસેથી પ્રભુપ્રેમ, સેવક અને સેવક થવાનાં ધર્મો શીખવાના છે. શ્રી ગિરિરાજજી શ્યામ સ્વરૂપ છે તેનું ત્રીજું કારણ એ છે કે પ્રતિદિન શ્રી ઠાકુરજી શ્રી ગિરિરાજજી પર ખેલવા માટે પધારે છે ત્યારે તેમની પ્રત્યેક બાલસુલભ ક્રિયા અને ક્રીડાઓને શ્રી ગિરિરાજજી મનભરીને નિહાળ્યા કરે છે. વૈષ્ણવો વિશ્વનો કોઈપણ રંગ હોય તે પ્રથમ આંખ વાટે મનમાં ઉતરીને હૃદયમાં પોતાનું સ્થાન દ્રઢ કરે છે તેમ ગિરિરાજજી પણ છે. તેઓ પણ શ્રી ઠાકુરજીનાં શ્યામ સ્વરૂપને આંખો વડે પીધાં કરે છે તેથી જે રંગના અને જે સ્વરૂપનાં ઘૂંટડા શ્રી ગિરિરાજજી ભરી રહ્યાં છે તેજ ઘૂંટડાનો અમૃતરસનો રંગ શ્રી ગિરિરાજજીના અંગે અંગમાં અને રોમે રોમમાં વસેલો છે તેથી શ્રી ગિરિરાજજીનું શ્રી અંગ શ્યામસ્વરૂપ ઘનશ્યાન બની ગયું છે. વૈષ્ણવો શ્રી ગિરિરાજજીને શ્રી ઠાકુરજીનું જ સ્વરૂપ છે તેમ જ માનવું. શ્રી ગુંસાઈજી પ્રભુચરણનાં મુખેથી શ્રી ગિરિરાજજી વિષેની આ અદ્‌ભુત કથા સાંભળી આનંદિત થયેલા વૈષ્ણવોનાં મુખથી શ્રી ગિરિરાજજીનો જય જયકાર નીકળી ગયો અને એ જય જયકાર શ્રી વિઠ્ઠલનાથજી પ્રભુચરણનાં મુખેથી કહેવાયેલા વચનામૃતની સુવાસ લઈ વ્રજભૂમિને પાવન કરવા નીકળી પડયો.

# તમારા સ્નેહભાવને પરંપરાગત ગુજરાતી અલંકારોથી વ્યક્ત કરો !



પેઢી દર પેઢીના વારસાગત અનુભવથી અમારી કારીગરીએ ઘણા પારખુ ગ્રાહકોને સંમોહીત કર્યા છે.
નકશીકામની ગુણવત્તા કહો કે પછી શ્રેષ્ઠકૃતિની રચના,
જોતાં જ ગમી જાય એવા અલંકારો અમે આપની સમક્ષ પ્રસ્તુત કરીએ છિએ.

પધારો; પરંપરાગત ગુજરાતી અલંકારોની ઉત્કૃષ્ટ શ્રેણી
અમારા એકમાત્ર બુટિક – એસ. વી. રોડ, અંધેરી ખાતે નિહાળો.

Since 1962

## સોની શિવલાલ જ્વેલર્સ પ્રા. લિ.

સુવર્ણ અને હિરાનું કલાત્મક સંગ્રહસ્થાન, ખરીદદાર, વેચનાર, નિકાસકર્તા અને સરકારમાન્ય વેલ્યુઅર

શો-રૂમ : શોપ નં. ૧ અને ૨, સેન્ટર સ્કવેઅર બિલ્ડીંગ, ફિદાઈ એકેડમીની બાજુમાં,
એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૮ | ફોન : +૯૧-૨૨-૨૬૭૦ ૫૪૫૪ / ૪૦૧૩ ૯૧૫૫



# મોબાઈલ .........

- દેવાંગ રાજેન્દ્ર મોદી (પેપરવાળા)

**'ટચ સ્ક્રીન કે પેડ પર નામ તમારૂ ટાઈપ કરું ને**
**મોબાઈલ મરક મરક હરખાય!**
**ચેટીંગ કરી કરીને થાકેલી આંગળીઓ**
**એમ રૂબરૂમાં મળતા શરમાય!!'**


મોબાઈલ આવ્યો ત્યારથી માણસ માણસ વચ્ચેનું અંતર સતત વધતું ગયું છે. મોબાઈલ અને સોશ્યિલ મિડિયાને કારણે સંબંધો પાછળ પડી રહ્યાં છે. જો સમજી વિચારીને વાપરો તો મોબાઈલ કામની ચીજ છે પણ એ બુધ્ધિને અભેરાઈ પર ચડાવી આડેધડ મચ્યાં રહો તો પતનની નિશાની છે. આપણા સૌનો વધુમાં વધુ સમય મોબાઈલ ખાઈ જાય છે ને આપણને ખબર નથી પડતી.

આજકાલ કોઈપણ ઘરની વાત કરીએ તો ઘરના દરેક સદસ્યના હાથમાં મોબાઈલ હોય ને દરેક જણ એમાં બીઝી હોય છે. પતિ-પત્ની બાળકો સાથે બેઠેલા હોય પણ દરેક જણ મોબાઈલમાં જ બેઠેલા હોય જાણે દરેક પોતાની મસ્તીમાં જ હોય. જરૂર લાગે તો જ વાતચીત કરે. હદ તો ત્યારે થાય જ્યારે ચાર પાંચ વર્ષનું બાળક મમ્મી કે પપ્પાનું મોબાઈલ મચડતું હોય. હકીકત તો એ છે કે આપણે કોઈના ઘરે જઈએ અને સામેવાળી વ્યક્તિ ભલે આપણને સારો આવકાર ન આપે પણ જો એના હાથમાં રાખેલો મોબાઈલ બાજુ પર મૂકી દે તો પણ આપણા પ્રત્યે એને આદર છે એમ સમજવું!

સોશ્યિલ મિડીયા હવે આપણી જીંદગીનો એક ભાગ બની ગયું છે. કોઈપણ ખરીદી કરવી હોય, ફરવા જવું હોય કે લાગણીઓ પ્રગટ કરવી હોય, ફોટા શેર કરવા હોય દરેકની સોશ્યિલ મીડીયા યુઝ કરવાની પોત પોતાની રીત છે. સોશ્યિલ મીડીયાની દરેકની વ્યક્તિગત જીંદગીમાં શું અસર પડે છે આપણે મોબાઈલ સાથે કેવી રીતે દિવસ વિતાવીએ છીએ એનો વિચાર ક્યારે કર્યો છે!

ફેસબુક, વોટસઅપ, ઈન્સ્ટા પર કેટલા ગ્રુપથી આપણે ઘેરાયેલા છીએ. મિત્રોનું ગ્રુપ, સમાજનું ગ્રુપ, પારિવારીક ગ્રુપ એમાં પણ પિતા સાઈડનું ગ્રુપ અલગ ને મમ્મી સાઈડનું ગ્રુપ અલગ, રહેતા હોઈએ એ સોસાયટીનું ગ્રુપ વળી સાસરી સાઈડનું ગ્રુપ તો ટોપ પ્રાયોરેટીમાં હોય.

સવારે ઉઠીએ એ પહેલા લોકો આપણને ગુડમોર્નિંગના મેસેજો ફટકારી દે છે. વળી કેટલાક તો નાથદ્વારા, જતીપુરા, દ્વારકા કે ડાકોર તીર્થધામમાં થતા દર્શન, આરતીના, ઢગલો મેસેજ વિડીયો મોકલે છે. એમાનો કોઈપણ મેસેજ જોયા વગર રહી જાય તો આપણને આખો દિવસ ગુનાહીત લાગણી થાય છે. વળી ઘણાં તો ફલાણાં ફલાણાં ભગવાનના ફોટા મોકલી આ મેસેજ દસ જણને ફોરવર્ડ કરશો તો તમને ચોક્કસ લાભ થશે. જેવા મેસેજ મોકલી ખરેખર આપણો દિવસ બગાડતા હોય છે. ઘણાં લોકો તો પાછાં એવા હોય કે મને મેસેજ આવ્યો તો હું પણ કેમ મેસેજ ના મોકલું એમ માની મેસેજ ઠપકારે. તમને આવતા દરેક મેસેજ શું તમે વાંચો છો ? અમુક લોકો તો પાછા બધા જ મેસેજ, વિડિયો જુએ એને ખબર હોય કે આમા કાંઈ દમ નહી હોય, અમુક લોકો તે પાછાં વાંચ્યા વગર જ ડીલીટ કરી નાખે. તો અમુકના ઈનબોક્સમાં હજારો મેસેજીસ પડયા હોય છતાં પણ એના પેટનું પાણી ના હાલે. અમુક લોકો તો તમારા મેસેજનો જવાબ ત્રણ થી ચાર દિવસે આપે તેઓ એમ સમજે કે આપણે નવરા થોડી છીએ. લેટ રીપ્લાઈ કરીને પોતાનું ઈમ્પોર્ટન્સ આપણને દેખાડી ને પાછા ઉપરથી લખે સોરી મે તમારો મેસેજી આજે જ વાંચ્યો. આમ તો ચોવીસ કલાક આપણને ઓનલાઈન દેખાય. પાછાં જો એમને આપણું કામ હોય તો ફોન કરીને કહેશે તને મેસેજ કર્યો છે. જરા જોઈને રીપ્લાઈ આપજે! ઘણાં તો પાછા શેર, શાયરીઓ, જોક્સ, નકામા વિડીયોસ વગેર વિચાર્યે


TELEPHONE & SWITCHYARD WIRES
HT CABLES
LT CABLES
LAN CABLES
CCTV CABLES
SUBMERSIBLE WIRES
SCREENED CABLES
FLEXIBLE CABLES
JELLY FILLED TELEPHONE CABLES
CO-AXIAL CABLES
SOLAR CABLES
WELDING CABLES
SPEAKER WIRES
INDUSTRIAL WIRES
POLYCAB
CABLE GLAND
POLYCAB
FANS
Concealed Metal Boxes
For
Modular Series
POLYCAB
CONCEALED METAL BOX
CLETA
POLYCAB
SWITCHES
& MANY MORE PRODUCTS TO BE LAUNCHED
ESTD : 1958
PRABHAT CABLES PVT. LTD.
33, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
Tel : 2208 5153 / 4922 4200, Fax : 2208 2660
Hotline: Head Office / Sales: *507 • *509
Cable Delivery: *505 • *506 • Flexible & HW Delivery : *112 • *113
Email: info@prabhatcables.com / prabhatcables@gmail.com
Website: www.prabhatcables.com
Distributors :
POLYCAB
WIRES & CABLES

ફોરવર્ડ કરી દે મેળ વગરની, જોખમી અતિશયોક્તિ ભરેલી માહિતીઓ શેર કરતા પહેલા જરાપણ વિચાર કરતા નથી કે આનું શું પરિણામ આવશે ?

વળી વોટ્સઅપ પર અલગ અલગ ગ્રુપનું તો કંઈક અલગ જ ટેન્શન રોજ જોવું પડે કે કોઈની બર્થ ડે, એનિવરસરી, મૃત્યુનોંધ તો નથી ને. જો હોય તો એક પછી એક ધડાધડ બર્થડે, એનિવરસરી ના ફોરવર્ડેડ મેસેજીસની ભરમાર થઈ જાય. રખેને કોઈને વિસ કરવામાં રહી જવાયું તો નથી ને. ઘણા ગ્રુપમાં તો આપણી રજામંદી વગર આપણને એડ કરી દેવાય ને જો આવું ગ્રુપ ડીલીટ કરીએ કે લેફ્ટ થઈ જઈએ તો પણ વાંધો પડે. ભાઈ તમે તો મોટા માણસ. અમારી જોડે તમને ના ફાવે ! ઘણાં તો બિચારા આવા ગ્રુપથી કંટાળેલા હોય વિચારતા હોય કે આનાથી છુટકારો કેવી રીતે મેળવું ! આમાં પણ જો અમુક મેસેજ આપણને ગમતા ના હોય તો પણ કોઈને કાંઈ કહેવાય નહી. રખેને ખોટું લાગી જાય તો સંબંધ બગડે. ઘણાં તો પાછાં મેસેજ કરીને લખી પણ દે કે ફલણાં ફલાણાં મેસેજ કરવા નહીં એમ લખીને પોતાની હાજરી ગ્રુપમાં પૂરાવી દે.

આમાં પણ ફેમિલી ગ્રુપનું તો કહેવું જ શું. સવારે સવારે જય જય શ્રી ગોકુલેશના કહેવાની દોડ લાગી હોય. એક રીતે ફેમિલી ગ્રુપ સારૂં જ છે. બધાના સમાચાર મળી જાય. અબર અંતર પૂછાઈ જાય. ઘણાં તો સગા વહાલા સમય જોયા વગર વિડીયોકોલ કરી દે. પાછાં કહે કે તને ઓનલાઈન જોયો એટલે ફોન કર્યો. ચાલ તારી સાથે વાત કરી લઈએ. ખાસ તો તહેવારો વખતે વિડીયો કોલની હોડ લાગી હોય. રૂબરૂ મળવાથી બચી જવાય. ને કોલમાં જ વડીલોને પગે લાગી આર્શીવાદ લેવાય. ઘણાં તો પાછાં આખો દિવસ ટેન્શનમાં હોય કે બોસને મેસેજનાં, પ્રેમિકાના, પત્નિના મેસેજનો જવાબ આપવામાં મોડું થઈ ગયું હવે શું થશે ? શું બહાનું બતાવશું ? ઘણાં લોકો તો પાછો થોડીવાર મોબાઈલ ના જુએ તો એને ચેન ના પડે. મેસેજ કે રીંગ ટોન ના આવે તો એને એવું લાગે કે એને કોઈ યાદ નથી કરતું. સોશિયલ મીડીયા પર કોઈ કોમેન્ટ કરી હોય કે પોસ્ટ મૂકી હોય તો કેટલી લાઈક મળી, કેટલી કોમેન્ટ મળી એ જોવા લલચાતા હોય છે. ઘણાંને તો પાછું બેટરી ડાઉન થાય તો બ્લડ પ્રેશર વધી જાય.

સોશ્યિલ મીડીયા ટેકલ કરવાની દરેકની પોત પોતાની આવડત છે પણ નક્કી કરવાની આપણે હવે જરૂર છે કે અમુક કલાકથી વધારે મોબાઈલનો ઉપયોગ કરવો નથી. મોબાઈલ માથાનો દુઃખાવો બનતો જાય છે છતાંય દિલ પર હાથ મૂકીને જવાબ આપજો શું આપણે મોબાઈલનો વધુ પડતો વપરાશ છોડી શકીએ ? ચાલો, નિયમ કરીએ ઘરે જઈએ ત્યારે નેટ બંધ કરી દઈએ. મહિને ચાર રવિવાર રજા હોય છે. એમાં વધુ નહીં તો એક બે રવિવાર મોબાઈલને રજા આપી પરિવાર સાથે સમય વિતાવીયે ખરૂં ને ? ભાર્ગવી પડંયાની ખૂબ સુંદર રચના મોબાઈલને સાકાર કરે છે.

**'આનંદ છે, એકરાર છે, આભાર છે, અવસાદ છે,**
**સંવેદનોના કેટલા રંગો ઉડે ટચસ્ક્રીનમાં'**

***

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘને પ્રાપ્ત થયેલ દાન

**૧. શ્રી રસીકલાલ મોહનલાલ શાહ (મલમ)ની સ્મૃતિમાં શૈક્ષણિક સહાય માટે રૂા. ૧,૦૦,૦૦૦/-**
**૨. એક શુભેચ્છક તરફથી રૂા. ૧૧,૦૦૦/-**

**ઉપરોક્ત દાતાનો સંઘ આભાર માને છે.**

**મંત્રી - શ્રી ભાવેશ બિપીન મોદી** **પ્રમુખ - શ્રી સૌમિલ જીતેન્દ્ર મોદી**

# તુલિપના ફૂલ

- પ્રશાંત સુરેશચંદ્ર પરીખ (લઠ્ઠાપારેખ)

તમે તુલિપનાં ફૂલ જોયાં જ હશે જે આપણા ભારતના કાશ્મીરમાં ખાસ જોવા મળે છે. આ ફૂલોનો દેખાવ અને રંગો એટલા સરસ હોય છે કે એને જોઈને મન પ્રસન્ન થયા વગર ના રહી શકે. આમ એ ફૂલોના બગીચામાંથી ખસવાનું મન જ ના થાય. તુલિપના ફૂલો ખૂબ જ આકર્ષક દેખાતાં હોય છે. તુલિપનો છોડ સહેજે એક ફૂટ જેટલો ઊંચો વધે છે. દરેકે છોડની ટોચે એક ફૂલ આવે છે. આ ફૂલને સુગંધ નથી હોતી, પણ ફૂલ છોડ પર લાંબા સમય સુધી ટકી શકે છે. આ ફૂલનો આકાર લાઈટના બલ્બ જેવો હોય છે, એટલે એને ઘણીવાર 'તુલિપ બલ્બ' પણ કહેવામાં આવે છે. આ ફૂલોના રંગની વિવિધતાનું તો પૂછવું જ શું ? સફેદ, પીળા, લાલ, જાંબલી, કાળા, ગુલાબી, કેસરી એમ વિવિધ રંગોમાં તુલિપના ફૂલો જોવા મળે છે.

સામાન્ય રીતે ખેડૂત તુલિપની વાવણી એવી રીતે કરે છે કે એક લાંબા પટ્ટામાં એક જ રંગના તુલીપ હોય, તેની બાજુમાં બીજા કલરનો પટ્ટો, પછી ત્રીજા કલરનો - એમ અલગ કલરના પટ્ટા જોડે જોડે રોપવામાં આવે છે. આ તુલિપ સીઝનમાં જ્યારે પૂરબહારમાં ખીલ્યાં હોય ત્યારે આ પટ્ટાઓનું ખેતર કેટલું મનમોહક અને સૌન્દર્યસભર લાગે કે જમીન પર જાણે રંગીન પટ્ટાઓવાળી શેતરંજી પાથરી હોય એવું જ લાગે. તેના બે પટ્ટા વચ્ચે ચાલવા જેટલી જગ્યા રાખતા હોય છે. એટલે તમે આસાનીથી તુલિપના બગીચામાં હરીફરી શકો. છોડની બાજુમાં બેસી ફોટા પડાવી શકો અને તેના વિવિધ રંગોનો આનંદ લૂંટી શકો. તમારી જોડે બીજા માણસો પણ બગીચામાં ફરતા હોય, આ આખુ દ્રશ્ય કેટલું બધું સુંદર દેખાય ! કુદરતના આ કરિશ્માને માણવાની મજા આવી જાય.

તુલિપ એ ઠંડા પ્રદેશનો છોડ છે. ગરમી બિલકુલ ના હોય અને ઠંડી પણ પ્રમાણસરની જ હોય એવા પ્રદેશમાં તે થાય છે. દુનિયાના ઘણા દેશોમાં તુલિપના છોડ ઉગે છે. યુરોપમાં નેધરલેન્ડનું લીસ શહેર તુલિપના બગીચા માટે દુનિયાભરમાં જાણીતું છે. આ બગીચા કુકેનહોફ તરીકે ઓળખાય છે. અહીં માર્ચથી મે માસ દરમ્યાન તુલિપના છોડ પર ફૂલો આવે છે. એ વખતે દેશ-વિદેશના લાખો સહેલાણીઓ તુલિપનાં ફૂલ જોવા માટે નેધરલેન્ડમાં ઉમટી પડે છે. આ બગીચા જોઈને મન અને દિલ બાગ-બાગ થઈ જાય છે.

ભારતમાં પણ કાશ્મીરના શ્રીનગરમાં તુલિપના બગીચા છે. તમારે તે જોવા હોય તો માર્ચ થી મે દરમ્યાન ત્યાં પહોંચી જવું. તમે 'સિલસિલા' ફિલ્મ જોઈ હશે ? એનું 'દેખા એક ખ્વાબ તો યે સિલસિલે હુએ...' ગીત અમીતજી અને રેખા પર. તુલિપના આજ બગીચામાં ફિલ્માવાયેલું છે.

અમેરિકાના ડલાસ શહેરમાં આબોહવા સરસ સમ હોય છે અને એ તુલિપના છોડને માફક આવે એવી છે. અહીં ટેક્સાસમાં તુલિપ નામના ફાર્મમાં તુલિપ થાય છે. તમારે ત્યાં જવાનું થાય ક્યારેક ત્યારે અમુક ફી ભરી આ બાગ જોવા જઈ શકો છો. ત્યાં બગીચાનું દ્રશ્ય અને માહોલ જોઈ ખુશ થયા વગર તમે નહિ રહી શકો. ઘણાં બધા લોકો અહીં તુલિપનાં ફૂલ જોવા આવતા હોય છે. અહીં ખૂબ જ વિવિધ રંગોનાં તુલિપ ઉગાડ્યાં હોય છે. તમે આરામથી બગીચામાં ચાલીને ફરી શકો છો. છોડને સાવ નજીકથી જોઈ અને ફૂલોની સાવ બાજુમાં બેઠા કે ઉભા રહીને યાદગાર ફોટા પડાવી શકો છે. આ બગીચામાં ફૂલોના સાનિધ્યમાં એમ થાય કે બસ અહીંથી ખસવું જ નથી, એટલી બધી પ્રસન્નતા મનમાં છવાઈ જાય ત્યારે મનમાં કાશ્મીર અને નેધરલેન્ડના બગીચા જરૂર યાદ આવી જાય.

***




- નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)

ટેલિકોમ ક્ષેત્રમાં એક નવી ટેક્નોલૉજી આવી રહી છે, એ છે 5G ટેક્નોલૉજી. મોબાઈલની દુનિયામાં આને નવી ક્રાંતિ ગણવામાં આવી રહી છે. તો ચાલો જાણીએ શું છે આ નવી 5G ટેક્નોલૉજી ?

તમે મોબાઈલમાં વપરાતી 1g, 2g, 3g, 4g ટેક્નોલૉજી વિશે જરૂર સાંભળ્યું હશે અને વાપરતા પણ હશો. આ દરેક ટેક્નોલૉજી મોબાઈલ કોમ્યુનિકેશનમાં વપરાતી અલગ અલગ સમયની ટેક્નોલૉજી છે.

૧૯૮૦માં 1g એટલે કે મોબાઈલની સૌથી પહેલી ટેક્નોલૉજી આવી હતી. 2G ટેક્નોલૉજી આવી ૧૯૯૦માં, પછી ૨૦૦૦ માં આવી 3g ટેક્નોલૉજી અને હમણાં આપણે જે ટેક્નોલૉજી વાપરી રહ્યા છીએ તે 4g ટેક્નોલૉજી ૨૦૧૦માં આવી. જેમ જેમ મોબાઈલ ટેક્નોલૉજીનો ઉપયોગ વધતો ગયો તેમ તેમ નવી રીતે મોબાઈલ ટેક્નોલૉજી ડેવલોપ કરવાની જરૂરત ઉભી થતી ગઈ. આજે ૨૦૨૧-૨૦૨૨માં સૌથી લેટેસ્ટ ટેક્નોલૉજી છે 5G ટેક્નોલૉજી. આમ તો જોકે 5G ટેક્નોલૉજી આજે વિશ્વના ૩૬ દેશોમાં લોન્ચ થઈ ચૂકી છે. ભારતમાં પણ આ ટેક્નોલૉજીના પરીક્ષણ માટે મંજૂરી આપવામાં આવી છે અને જાણવા મળ્યા મુજબ આ 5G ટેક્નોલૉજી આપણાં દેશની જ એક કંપની બનાવશે.

**શું છે 5G ટેક્નોલૉજી ? કોણે બનાવી છે આ 5G ટેક્નોલૉજી ? 5G અને 4G વચ્ચે શું તફાવત છે ? કયા કયા ક્ષેત્રમાં આનો વધારે ઉપયોગ થશે ? 5G માં વપરાતી નવી ટેક્નોલૉજી કેવી છે ?** આ બધા સવાલોનો જવાબ આપ સહુને આ જ્યોતિપુંજના એપ્રિલ મહિનામાં અંકમાં આપવાની કોશીશ કરીએ છીએ.

**શું છે 5G ટેક્નોલૉજી ?**

5G ટેક્નોલૉજી એ મોબાઈલ કોમ્યુનિકેશન માટેની સૌથી આધુનિક ટેક્નોલૉજી છે. જેમ જેમ વિશ્વમાં મોબાઈલનો ઉપયોગ વધતો જાય છે. તેમ તેમ સાથે ડેટાનો ઉપયોગ પણ વધતો જાય છે. 4G ટેક્નોલૉજી આજે જૂની અને અપૂરતી થઈ ગઈ છે. પરીણામે એક નવી ટેક્નોલૉજીની જરૂર પડી જે ડેટા અને વોઈસ ને હાઈ સ્પીડે વહન કરી શકે. આ માટે 5G-NR નામની ટેક્નોલૉજી ડેવલપ કરવામાં આવી જે આપણે જનરલી 5G ના નામથી ઓળખીએ છીએ. આ માત્ર વોઈસ અને ડેટા જ નહીં પરંતુ આવતી કાલની અનેક નવી ટેક્નોલૉજીને બદલી શકે છે. જેમાં IOT (ઈન્ટરનેટ ઓફ થિંગ્સ), ડ્રાઈવરલેસ કાર, ઉપરાંત બીઝનેસ માટે પણ આ ટેક્નોલૉજી અનેક રીતે ઉપયોગી થશે.

**કોણે બનાવી છે આ 5G ટેક્નોલૉજી ?**

5G ટેક્નોલૉજી કોઈ એક વ્યક્તિ કે કંપની દ્વારા નથી બની. સૌથી પહેલા તો ITU એટલે ઈન્ટરનેશનલ ટેલીકોમ યુનિયન નામની સંસ્થાએ આના માટે કેટલાક નિયમ અને મિનિમમ રિકવાયરમેન્ટ નક્કી કરી. આ સંસ્થા સીધી UNO ની હેઠળ કામ કરે છે. 3GPP નામની આ સંસ્થા જે (3rd Generation Partnership Project) તરીકે ઓળખાય છે. તે આ નવી ટેક્નોલૉજીને ડેવલપ કરે છે. આ સંસ્થા વિશ્વની તમામ મોટી મોબાઈલ કંપની, ટેલિકોમ્યુનિકેશન કંપની, ચિપ બનાવતી કંપની અને બીજી અનેક કંપનીઓનો સમૂહ છે.

**5G અને 4G વચ્ચે શું તફાવત છે ?**

આજની 4G અને આવનારી 5G વચ્ચે ઘણો તફાવત હશે. પહેલો તફાવત છે સ્પીડનો. હા 5G અને 4G ટેક્નોલૉજી કરતાં અનેક ગણી વધુ સ્પીડે ચાલશે. આ ટેક્નોલૉજી 1GBPS ની સ્પીડને સપોર્ટ કરી શકે છે. પરંતુ એવરેજ ૨૦૦ થી ૪૦૦ mbps અથવા તેની

આસપાસની સ્પીડે ચાલી શકે છે. મતલબ કે ફાસ્ટ ડાઉનલોડ અને અપલોડ.

બીજો તફાવત એ છે કે આ નેટવર્ક 4G કરતાં ૧૦૦ ગણા વધારે ટ્રાફીકને હેન્ડલ કરી શકશે. આ ટેક્નોલૉજીના પાયામાં જ વધારે મોબાઈલ ડેટા અને વોઈસના ટ્રાફીકને પહોંચી શકવાની ક્ષમતા હશે.

ત્રીજો તફાવત આ ટેક્નોલૉજી મોબાઈલના સ્પેકટ્રમનો વધારે સારી રીતે ઉપયોગ કરી શકશે. અગાઉ મોબાઈલ ટેક્નોલૉજીમાં ફાળવાયેલા સ્પેક્ટ્રમનો બહુ સારી રીતે ઉપયોગ નહોતો કરી શકતો. આ પ્રોબ્લેમને આ 5G ટેક્નોલૉજીમાં સોલ્વ કરી લેવામાં આવી છે.

ચોથો તફાવત છે વિલંબનો સમય ઓછો કરવાનો, એટલે કે Latency. આમાં વિલંબ નો સમય માત્ર ૧૦ મિલિસેકન્ડનો જ હશે.

**ક્યાં ક્યાં ક્ષેત્રમાં આનો વધારે ઉપયોગ થશે ?**

લગભગ બધા જ ક્ષેત્રોમાં આનો ઉપયોગ થાશે. પરંતુ સૌથી વધુ ફાયદો થશે હેલ્થકેર, ઓટો ઈન્ડસ્ટ્રીઝ, ખેતીવાડી, મેનુફેક્ચરીંગ યુનિટ, આઈટી કંપની વગેરે વગેરેને થશે. જેમ કે આવનારા સમયમાં દરેક કાર ઈન્ટરનેટ સાથે જોડાયેલી હશે અને કદાચ સેલ્ફ ડ્રાઈવિંગ પણ કરતી હશે. ડૉક્ટર એક સ્થાનેથી બેઠા બેઠા બીજા શહેરના પેશન્ટનો ઈલાજ કરી શકશે. ખેતીવાડીમાં આધુનિક સેન્સરની મદદથી ખેતીને પણ ઓટોમેટીક રીતે ઓપરેટ કરી શકાશે. મોટી ફેક્ટરી માત્ર રોબોટની મદદથી કોઈપણ વસ્તુઓનું ઉત્પાદન કરી શકશે. માત્ર એટલું જ નહીં આ ટેક્નોલૉજીની મદદતી ગ્લોબલ ઈકોનોમીમાં ૧૩ લાખ કરોડ ડોલરનો વધારો થવાનો અંદાજ છે. અને ૨૨ કરોડ નવી નોકરી પેદા થવાનો અંદાજ છે.

**5G માં વપરાતી નવી ટેક્નોલૉજી કેવી છે ?**

5G ટેક્નોલૉજી કુલ મળીને ત્રણ પ્રકારની ફ્રિક્વન્સી ઉપર ચાલશે. તે છે, લો બેન્ડ (Low Band), મિડ બેન્ડ (Mid Band), અને હાઈ બેન્ડ (High Band) આ ટેક્નોલૉજીનો પોતાનો ફાયદો અને ગેરફાયદો પણ છે.

**5G ટેક્નોલૉજી - ટાવરના પ્રકાર**

**Low Band** - આ પ્રકારની ફ્રિક્વન્સી માં ૧ ગિગાહર્ટ્ઝથી ઓછી ફ્રિકવન્સીના મોજા વાપરવામાં આવે છે. લો બેન્ડમાં ટાવરની રેન્જ સૌથી વધુ હોય છે. આ રેન્જમાં બિલ્ડીંગ કે બીજા ઓબ્સટેકલને પાર કરી જાય છે અને એક સાથે અનેક લોકો કનેક્ટ થઈ શકે છે. નાના ગામ અથવા શહેરમાં આ પ્રકારના ટાવર ખૂબ ઉપયોગી થશે.

**Mid-Band** આ પ્રકારની ફ્રિક્વન્સી ૧ થી ૬ ગિગાહર્ટ્ઝ વચ્ચે હશે. આની રેન્જ ઓછી હશે પણ આની ડેટા સ્પીડ ખૂબ વધારે હશે. અંદાજીત ૧૦૦ થી ૯૦૦mbit ની સ્પીડ હશે. આ પ્રકારના 5G ટાવર સૌથી વધુ પ્રમાણમાં સ્થાપવામાં આવશે.

**High Band** - આ 5G ટાવરમાં સૌથી વધુ સ્પીડ પકડાશે. એક અંદાજ પ્રમાણે આ ૧ જીબીપીએસથી વધુની સ્પીડ પકડી શકે છે. આને અત્યંત હાઈ ફ્રિકવન્સી જે ૨૪ ગિગાહર્ટ્ઝથી વધારે હશે પરંતુ આમાં એક સૌથી મોટો પ્રોબ્લેમ એ હશે કે આની રેન્જ એકદમ ઓછી હશે. કદાચ ૧ કીલોમિટરની આસપાસ અને આ પ્રકારમાં સિગ્નલમાં બિલ્ડીંગ કે કોઈ મોટી દિવાલની આપાર જઈ શકતા નથી. માટે આ પ્રકારના ટાવરને સ્મોલ સેલ ટાવર પણ કહેવામાં આવે છે. સામાન્ય રીતે આવા ટાવર ખૂબ ભીડભાડવાળા સ્થાન પર લગાવવામાં આવશે.

અહીં આપેલી સ્પીડનાં આંકડા બીજા અનેક પ્રકારના ફેક્ટર ઉપર નિર્ભર કરે છે. જેને લીધે આમાં દરેક સ્થાન અને કંપની પ્રમાણે અલગ અલગ હોય શકે છે.

5G ટેક્નોલૉજી એક ક્રાંતીકારી ટેક્નોલૉજી સાબિત થશે. ભારતમાં પણ આ ટેક્નોલૉજી ઉપર અનેક કંપની પરીક્ષણ કરી રહી છે. બહુ જલ્દી ભારતમાં પણ 5G ટેક્નોલૉજી શરૂ થશે.

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

## અનુકરણીય દાન

**સખાવતી દાતાશ્રી તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલી**

| | | |
|---|---|---|
| ૧. | મે. ઈગલ સેલ્સ કોર્પોરેશન | ૨૦,૦૦૦/- |
| ૨. | મે. પુષ્ટી ઈલેક્ટ્રીકલ પ્રા.લિ. | ૫૦,૦૦૦/- |
| ૩. | શ્રી કાર્તિકેય રસિકલાલ કડકિઆ | ૫૦,૦૦૦/- |
| ૪. | શ્રી વસંત શાંતીલાલ પરીખ | ૧૧,૦૦૦/- |

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારનો આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

**કારોબારી સમિતિ વતિ મંજુલ ધારિયા, અનિશ ગાંધી, સમીર શાહ - માનદ્ મંત્રીઓ**

**સર્વે વાડાસિનોર વાસીઓ,**

જત જણાવવાનું કે સમાજની કાર્યવાહક સમિતિના એક એવી બેઠકમાં નક્કી થયા મુજબ સમાજ તરફથી ફાળવવામાં આવતી સહાયની રકમ અપૂર્તી હોવાથી સમાજ રૂા. ૧૦,૦૦૦/- ની એક એવી મીતી ની રજુઆત કરે છે. આ રકમ જે તે વર્ષમાં આવશે તે જ વર્ષમાં સહાયરૂપી વાપરવામાં આવશે.

યદી આપ જો આપની મીતી નોંધાવવા ઈચ્છતા હો તો નીચે જણાવેલ સંસ્થાના કાર્યકર્તાઓનો સંપર્ક સાધવા વિનંતી.

**શ્રી વ્રજેશ દેસાઈ - ૯૮૨૦૦૩૯૩૦૪**
**શ્રી કાર્તિકેય કડકીઆ - ૯૮૨૦૦૩૦૮૪૨**
**શ્રી કિર્તી કડકીઆ - ૯૮૨૧૦૨૯૨૭૦**

અથવા સંસ્થાના હોદ્દેદાર નો સંપર્ક સાધશો.

**કારોબારી સમિતિ વતિ મંજુલ ધારિયા, અનિશ ગાંધી, સમીર શાહ - માનદ્ મંત્રીઓ**

---

# શ્રી મદનમોહનજી મંદિર

## જાહેર અપીલ

શ્રી મદનમોહનજી મંદિર જે ગોલવાડ શેરી, બાલાસિનોરમાં ૨૦૦ થી વધુ વર્ષ જુનો ઈતિહાસ ધરાવે છે.

આ મંદિરમાં દર વર્ષ ફાળાની અછત પડે છે. તો આપ સૌ બાલાસિનોર વાસીઓ ને નમ્ર નિવેદન કે આપ સૌ ખુલા હાથે દાનની ગંગા વહેવડાવો જેથી આપણું આ મંદિરનો દર વર્ષ નીભાવ ખર્ચ પહોંચી વળાય.

ફરીથી આપ સૌને વિનંતી કે ફૂલ નહી તો ફૂલની પાંખડી આપી આપણા મંદિરને મજબુત કરો.

| | | | |
|---|---|---|---|
| **વધુ વિગતો માટે** | **: મુંબઈ સ્થિત -** | **શ્રી મિનીષભાઈ કડકીઆ (લટકારી)** | **- ૯૮૩૩૧૨૯૧૮૫** |
| | | **શ્રી હિતેષભાઈ શાહ** | **- ૯૮૨૦૨૦૩૦૯૬** |
| | | **શ્રી યોગેશભાઈ ધારીઆ** | **- ૯૮૨૧૫૪૪૯૫૦** |
| | **બાલાસિનોર ખાતે -** | **શ્રી વિપીન મોદી** | **- ૯૮૨૫૩૪૧૦૧૪** |
| | | **શ્રી ગોપાલભાઈ શાહ** | **- ૯૮૨૫૬૬૬૮૯૩** |

**ચેરમેન - શ્રી દક્ષેશભાઈ કડકીઆ (લટકારી)**

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ
## મેડીકલ સેંટર
### ખુશ ખબર

**સર્વે વાડાસિનોર વાસીઓ,**

જત જણાવવાનું કે ફરી એકવાર શ્રી બાલાસિનોર પ્રગતી સમાજ સંચાલતી મેડીકલ સેંટર ચોપાટી ખાતે નીચે જણાવેલ પેકેજો (એક પેકેજ પર એક પેકેજ ફ્રી) તા. ૧ લી એપ્રીલ થી શરૂ કરવામાં આવે છે. સૌ. મે. N.M. Medical

| ક્રમાંક | પેકેજના નામ | કિંમત |
|---|---|---|
| ૧. | N.M. Health Plan Primary | ૩૫૦૦.૦૦ |
| ૨. | N.M. Health Plan Gold | ૬૯૫૦.૦૦ |
| ૩. | N.M. Health Plan Gold Plus | ૯૯૫૦.૦૦ |
| ૪. | N.M. Health Plan Platinum | ૧૭૫૦૦.૦૦ |
| ૫. | N.M. Health Plan Diamond | ૨૭૫૦૦.૦૦ |
| ૬. | N.M. Senior Citizen Plan | ૭૦૦૦.૦૦ |

વધુમાં જણાવતાં સહર્ષ આનંદ અનુભવીયે છીએ કે જોગેશ્વરી થી બોરીવલી સુધીના રહેવાસીઓ માટે Pathology Test કરાવનારને ફ્રી હોમ વિઝીટની સેવા મળશે. સૌ મે. N.M. Medical

આશા છે કે આપ સૌ વધુમાં વધુ લોકો ઉપર જણાવેલ સેવાઓ નો લાભ લેશો અને સંસ્થાની પ્રગતીમાં અપરોક્ષ રીતે ફાળો નોંધાવશો.

આ અંગેની વધુ વિગતો નીચે જણાવેલ ફોન નંબર પર મેળવી લેવા વિનંતી.

સંપર્ક હેતુ નવો ફોન તથા વોટસઅપ નંબર આપણા સૌની સુવિધા ખાતર રાખવામાં આવેલ છે. સૌને વિનંતી કે આપની જરૂરિયાત મુજબ આપ નિચે જણાવેલ નંબરોનો ઉપયોગ કરી શકશો.

**લેન્ડલાઈન નંબર - ૦૨૨-૨૩૬૭૦૧૬૯ - મોબાઈલ તથા વોટ્સ અપ નંબર - + ૯૧ ૯૮૬૭૯૯૧૮૪૩**

**કારોબારી સમિતિ વતિ મંજુલ ધારિયા, અનિશ ગાંધી, સમીર શાહ - માનદ્ મંત્રીઓ**

---

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ
# તથા બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ
## અનુકરણીય દાન
### સખાવતી દાતાશ્રી તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલી

| | | |
|---|---|---|
| ૧. | શ્રી અલ્કેશ મધુસુદન કડકીઆ (ફાડીઆ) ના પુત્ર યશના લગ્ન પ્રસંગે | રૂા. ૧,૧૧,૧૧૧/- |
| ૨. | શ્રીમતી સુશીલાબેન રસિકલાલ શાહ (મલમ) ની સ્મૃતિમાં | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૩. | શ્રીમતી પ્રમિલા ચંદ્રકાંત શાહ ટ્રસ્ટ | રૂા. ૧૫,૦૦૦/- |

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારનો આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

**કારોબારી સમિતિ વતી જસ્મિન શેઠ, ધર્મેશ શાહ - માનદ્ મંત્રીઓ**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસમાં) ફેબ્રુઆરી માહે ૨૦૨૨ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

મેડીકલ, ગાયનેક, સર્જીકલ, આંખ, માનસિક, સોનોગ્રાફી, મોબાઈલ, ફીજીયોથેરાપી તેમજ ઈમરજન્સીમાં કુલ ૫૨૦૪ દર્દીઓએ, એક્ષ રે વિભાગમાં ૨૬૯ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં કુલ ૩૨૮૦ દર્દીઓએ લાભ લીધેલ છે. સર્જનના મેજર ઓપરેશન ૦૯, માઈનોર ૦૮, ગાયનેકના મેજર ઓપરેશન ૯૫ પૈકી કુટુંબ કલ્યાણના ૬૭ માઈનોર ૦૩ તથા ઈએનટી માઈનોર ૨૦ તેમજ આંખના મેજર ૨૨૮ ઓપરેશનો કરવામાં આવેલ છે. તેમજ દવાની રૂા. ૬૧૩૯૮૦/-ની માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૨૫૪૧૪૦/-ની માફી તેમજ ઓપીડીમાં (લેબ, એક્સરે, ઓક્સીજન વિગેરે) માં રૂા. ૯૫૦૭૦/- ની માફી મળીને કુલ ૯૬૩૧૯૦/- ની માફી કરવામાં આવેલ છે.


**હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

**૧. કુસુમબેન કીર્તનલાલ પારેખ છારીનો કેમ્પ :** હોસ્પિટલમાં તા. ૧૮-૨-૨૨ના રોજ છારીનો કેમ્પ યોજવામાં આવેલ. જેમાં ૨૬ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

**૨. મણીબેન મોહનલાલ શાહ (વસનજી) તથા રમતીબેન રમણલાલ કડકીઆ (ટોકરસી) ઈકો કેમ્પ :** તા. ૩-૨-૨૦૨૨ના રોજ ૪૦ તથા તા. ૧૭-૨-૨૨ના રોજ ૩૫ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

**કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટર**માં માહે ફેબ્રુઆરી ૨૦૨૨ ના માસ દરમ્યાન ફીજીશીયન, ઈએનટી, ઓર્થો, સ્કીન, ડેન્ટલ, ઈમરજન્સી, નેફ્રોલોજી તેમજ ગેસ્ટ્રોલોજીના મળી કુલ ૧૫૬૧ દર્દીઓએ તથા એક્ષ રે વિભાગમાં ૪૪૩ દર્દીઓએ તેમજ પેથોલોજી વિભાગમાં ૬૬૪ દર્દીઓએ લાભ લીધેલ છે. તેમજ લેબમાં રૂા. ૨૭૭૦/- ની માફી તથા રૂા. ૮૦૧૫/- ની દવા માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૧૫૦૦ની માફી મળીને કુલ રૂા. ૧૨૨૮૫/- ની માફી તથા ડાયાલીસીસમાં રૂા. ૮૬૦૦૦/- ની માફી કરવામાં આવેલ છે.


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોક્ત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**

**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**



**Dr. Rita Gandhi**

**Holistic Wings**

**- Mind Body & Soul**

Reach out to me for personal consultations and group lectures on Natural Lifestyle for your robust health.

***Also expertise in***

- **Nutritional Counselling**
- **Alternate Therapy**
- **Health & Wellness Talks**
- **Oil/Fat Free Herbal/Vegan/Vegetarian Cooking Classes**
- **Healing with Colours, Chakras and Grahas**
- **Reiki Grand Master**
- **Ramal Shastra Astrologer**

Healed many people of their health aliments with Natural Lifestyle changes.

***Connect for more details :***

**Mobile No. : +91 9987390705**

**Email : rmgandhi54@gmail.com**

**Consultation with prior appointment**

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન**

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી બાલાસિનોર વિદ્યા મંડળ | રૂા. | ૩,૦૦,૦૦૦/- |
| ૨. | એક અનામી દાતા | રૂા. | ૧,૦૦,૦૦૦/- |
| ૩. | શ્રી અશ્વિન કાંતિલાલ પરીખ (માછલી) | રૂા. | ૫૦,૦૦૦/- |
| ૪. | ગ્રીન્સ ફાઉન્ડેશન (Greens Foundation) | રૂા. | ૩૮૦૭૫/- (૫૦૦ $) |
| ૫. | શ્રીમતી નિકેતી ઉમેશ મોદી | રૂા. | ૨૧,૦૦૦/- |
| ૬. | શ્રી એક અનામી દાતા | રૂા. | ૨૦,૦૦૦/- |
| ૭. | શ્રી અન્નપૂર્ણા ફાર્મ | રૂા. | ૧૦,૦૦૦/- |

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં વધુ નોંધાયેલ દાન**

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી પ્રેમીલાબેન ચંદ્રકાંત શાહ ટ્રસ્ટ | રૂા. | ૨૨,૦૦૦/- (બે મિતી) |
| ૨. | શ્રી સતિષચંદ્ર બી. પરીખ | રૂા. | ૧૧,૦૦૦/- (એક મિતી) |

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને એ.એન.એમ. નર્સીંગ કોર્ષ તથા એસ.સી. નર્સીંગ કોલેજની ગુજરાત નર્સીંગ કાઉન્સીલ તરફથી મળેલ માન્યતા મુજબ આ બેઉ કોર્ષ માહે જાન્યુઆરી-૨૦૨૧ થી ચાલુ થઈ ગયેલ છે.

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં રૂા. ૧૧,૦૦૦/- નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા દાતાશ્રીઓને વિનંતી.**

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫,૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા માટે વિનંતી.**

**શ્રી નિતીન પરીખ / શ્રી પરેશ પરીખ - માનદ્ મંત્રીશ્રીઓ**


**દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)**

**(જ્યોતિર્વિદ-મુંબઈ)**

**Sankalp Astrologist & Palmist**

તથા

**જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર, લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી, નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા, ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ, શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ, પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી, ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.**

**મો. - ૯૫૯૪૩૨૬૨૦૨**


## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

- **દક્ષેશ કાંતીલાલ પરીખ** ( D. K.)
  B/૨૯, ધ અંધેરી ગુલમોહર કો.હા.સો. લી.
  જુહૂ લેન, સી. ડી. બરફીવાલા રોડ,
  અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૮
- **Achal Manoj Dharia (Kunivala)**
  77 Skyview Springs Circle NE,
  Calgary, AB, Canada T3N 0E6
  Achal M. Dharia - +1 587 777 3377
  Mansi A. Dharia - +1 647 233 2063

### મૃત્યુ નોંધ

| | |
|---|---|
| કોકીલાબેન નવનીતલાલ ગાંધી | ૮૩ |
| કિરીટભાઈ હીરાલાલ કડકીઆ (લટકારી) | ૮૧ |
| રેખાબેન વિજયભાઈ મહેતા (પડાલવાલા) | ૬૭ |

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

Authorised Distributors

# POLYCAB

## WIRES & CABLES





- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

**AMRISH KACHARIA +91 9769025153**

# PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

WPP License No. MR/TECH/WPP-147/South/2021-23
Regd.No.MCS / 050 / 2021-23
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

Celebrating 45 Years

ANUKOOL selections®

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH RASESH PAREKH

542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.Contact: ☎ 2361 2848 - 2369 4166, 9930635579
E: anukoolselections@gmail.com, W: www.anukoolselections.com

Celebrating 25th Year

IES®

INTEGRATED ENTERTAINMENT SOLUTIONS®

Your Indian Distribution Partner

Intelligent Pro-Lighting, Pro-Sound & AV Distribution

ROBE® AVA AVOLITES MADRIX LIGHTING CONTROL HK AUDIO

ANOLIS Lucent ASHLY lumenradio Luminex CAPTURE PENTON DJPOWER

Concept · Design · Installation · Supply · Training · Maintenance

E: iesolns@gmail.com W:www.iesolns.com. Rasesh Parekh: 9821125579

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh
& Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.